પોલીસ શ્રદ્ધાળુઓને 'સર અથવા મેડમ' કહીને સંબોધશે!

# મહાશિવરાત્રી પર્વે યુપી પોલીસ કાશીધામના ભક્તોનું હાથ જોડીને સ્વાગત કરશે

**રવિવારે** કાશીમાં આશરે 15-20 લાખ શ્રદ્ધાળુઓ આવવાની અપેક્ષા

વારાણસી (યુપી): તા. 14: આ મહાશિવરાત્રી પર શ્રી કાશી વિશ્વનાથ ધામની મુલાકાત લેનારા લાખો ભક્તોને પોલીસનું એક અલગ રૂપ જોવા મળશે. પોલીસને નિર્દેશ આપવામાં આવ્યો છે કે,

મુલાકાતીઓને 'સર' અથવા 'મેડમ' કહીને સંબોધવા અને હાથ જોડીને ભક્તોનું અભિવાદન કરવું.

ગુરુવારે મંદિર સંકુલની અંદર ત્ર્યંબકેશ્વર હોલમાં ભક્તો સાથે પોલીસના વર્તન અંગેની બેઠક યોજાયા બાદ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓને કોઈપણ સંજોગોમાં ભક્તો પ્રત્યે કઠોર ભાષા, અપશબ્દોનો ઉપયોગ કરવા અથવા અશોભનીય વર્તન કરવાથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે, ગેરવર્તણૂક બદલ શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

વારાણસીના પોલીસ કમિશનર મોહિત અગ્રવાલે શુક્રવારે જણાવ્યું હતું કે, રવિવારે કાશીમાં આશરે 15-20 લાખ ભક્તો આવવાની અપેક્ષા છે, જેમાં પોલીસ કર્મચારીઓને 'સોફ્ટ સ્કીલ્સ'ની તાલીમ આપવામાં આવી રહી છે.

પોલીસ કમિશનરે કહ્યું કે, વિશાળ ભીડને સંભાળવા માટે ઝીણવટભરી તૈયારીઓ ચાલી રહી છે.

અગ્રવાલે જણાવ્યું હતું કે, મંદિર પરિસરમાં આવતા ભક્તોને પોલીસ કર્મચારીઓ 'સર' અથવા 'મેડમ' કહીને સંબોધશે અને તમામ પ્રવેશ બિંદુઓ પરના તમામ કર્મચારીઓને હાથ જોડીને ભક્તોનું સ્વાગત કરવા સૂચનાઓ આપવામાં આવી છે. અગ્રવાલે ઉમેર્યું હતું કે, ''વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને દિવ્યાંગો પ્રત્યે વિશેષ સંવેદનશીલતા દર્શાવવામાં આવશે.'' તમામ ભક્તો સરળતાથી 'દર્શન' પૂર્ણ કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે પોલીસ કર્મચારીઓ માર્ગદર્શક તરીકે પણ મદદ કરશે.



કાર્નિવલની સીઝન શરૂ થઇ ગઇ છે ત્યારે બ્રાઝિલના સાઓ પૌલો શહેરમાં નિકળેલા સામ્બા સરઘસમાં રજૂ થયેલા ડ્રેગનના ફ્લોટનું એક દ્રશ્ય

# મેઘાલયમાં કોલસાની ખાણમાં વિસ્ફોટમાં મૃત જાહેર શ્રમિક જીવતો ઘરે પરત ફર્યો

**જે શ્રમજીવીના** અંતિમ સંસ્કાર થઈ ચૂક્યા હતા તે જીવતો ઘરે પરત ફરતાં પરિવાર ચોંકી ઊઠ્યો

શ્રીભૂમિ/હૈલાકાંડી (આસામ), તા. ૧૪ (PTI): મેઘાલયની ઈસ્ટ જૈંતિયા હિલ્સ કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટમાં જેમને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, તે શ્રમિક આસામના શ્રીભૂમિ જિલ્લામાં પોતાના ઘરે પરત ફરતાં તેનો પરિવાર ચોંકી ગયો હતો. તેમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

આ ઘટનાને પગલે બંને પાડોશી રાજ્યોના પોલીસ દળોએ વિસ્ફોટ બાદ શ્રમિકના અણધાર્યા પરત આવવા પાછળના સંજોગોની સંયુક્ત તપાસ શરૂ કરી છે.

જિલ્લા વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''શ્રમિક ગુરુવારે શ્રીભૂમિ જિલ્લાના રામકૃષ્ણ નગર સર્કલ હેઠળના મુલિયાલા ગામમાં આવેલા પોતાના ઘરે પહોંચતાં પરિવાર અને ગામજનો ચોંકી ગયા હતા. કારણ કે, અગાઉ આ શ્રમિકનો મૃતદેહ સમજીને તેના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા.''

અધિકારીએ ઉમેર્યું હતું કે, ૪૪ વર્ષીય શ્યામબાબુ સિંહાનો ફોન સંપર્ક વિહોણો હોવાથી વિસ્ફોટ બાદ તેનો પરિવાર તેને શોધવા મેઘાલય ગયો હતો.

અધિકારીએ જણાવ્યું કે, ''સિંહાનો પત્તો ન લાગતા સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તેની પત્ની અને પુત્રીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વિસ્ફોટને કારણે મોટા ભાગના ભોગ બનનારાઓના ચહેરા ઓળખી ન શકાય તે રીતે ક્ષતિગ્રસ્ત થયા હતા. તેના પરિવારે એક મૃતદેહને શ્યામબાબુ તરીકે ઓળખી કાઢ્યો હતો.''

ત્યાર બાદ સત્તાવાળાઓ મૃતદેહને તેના વતન લાવ્યા હતા અને હિંદુ વિધિ મુજબ તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

મેઘાલયના ઈસ્ટ જૈંતિયા હિલ્સ જિલ્લાના માયન્સન્ગાટ ગામના થાંગસ્કુ વિસ્તારમાં ૫ ફેબ્રુઆરીએ એક ગેરકાયદે 'રેટ હોલ' કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૩૧ લોકોનાં મોત થયાં હતાં.

# 'ઓ રોમિયો' - કેટલાક નબળા પાસાઓ છતાં સરસ એક્શન રોમેન્ટિક ફિલ્મ





મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: 'ઓ રોમિયો'

રેટીંગ: ★★☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: એક્શન, રોમેન્ટિક ફિલ્મના ચાહકોને આકર્ષે તેવી મૂવી

નાડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ અને વિશાલ ભારદ્વાજ ફિલ્મ્સ એલએલપીની 'ઓ રોમિયો' (A) એક તોફાની પ્રેમકથા છે.

ઉસ્તરા (શાહિદ કપૂર), જે એક સ્ત્રીલંપટ વ્યક્તિ છે, તે IB ઓફિસર ઈસ્માઈલ ખાન (નાના પાટેકર) માટે કોન્ટ્રાક્ટ કિલર તરીકે કામ કરે છે. એક દિવસ, અફશાન (તૃપ્તિ ડિમરી) તેની પાસે આવે છે અને તેને ચાર વ્યક્તિઓ - જલાલ (અવિનાશ તિવારી), પોલીસ ઈન્સ્પેક્ટર પઠારે (રાહુલ દેશપાંડે), અંડરવર્લ્ડ ડોન શંકર (રોહિત પાઠક) અને વકીલ અંસારી (રેશ લાંબા) ની હત્યા કરવાનો કોન્ટ્રાક્ટ આપે છે. શરૂઆતમાં ઉસ્તરા તેની ઓફર ઠુકરાવી દે છે, પરંતુ ધીમે ધીમે તે તેના અને તેના હેતુ તરફ ખેંચાય છે. અફશાન શા માટે આ ચાર જણાની હત્યા કરવા માંગે છે? શું તે તેના મિશનમાં સફળ થાય છે? શું ઉસ્તરા તેને મદદ કરે છે?

સાચી ઘટનાઓ પર આધારિત આ વાર્તામાં ઘણો મસાલો છે અને તે ખૂબ જ આકર્ષક અને રસપ્રદ શૈલીમાં લખાઈ છે. રોહન નરુલા અને વિશાલ ભારદ્વાજે એવી પટકથા તૈયાર કરી છે જે માત્ર ઝડપી જ નથી પરંતુ તેમાં પુષ્કળ વળાંકો પણ છે. અહીં એટલું બધું બની રહ્યું છે કે દર્શકો આ ડ્રામામાં એવી રીતે ખોવાઈ જાય છે જાણે તે તેમની નજર સામે વાસ્તવિક જીવનમાં બની રહ્યું હોય. આ ડ્રામામાં હળવી પળો, રોમાંસ, ભરપૂર એક્શન અને લાગણીઓનો અંશ પણ છે. ગંભીર ડ્રામાની વચ્ચે કોમેડીને ખૂબ જ સુંદર રીતે વણી લેવામાં આવી છે. જોકે, ક્લાઈમેક્સ હજુ સારો હોઈ શક્યો હોત. વિશાલ ભારદ્વાજના સંવાદો ઉત્કૃષ્ટ છે.

શાહિદ કપૂર ઉસ્તરાની ભૂમિકામાં શાનદાર છે અને તે આ પાત્રમાં પૂરેપૂરો ઉતરી ગયો છે. આ તેના અત્યાર સુધીના શ્રેષ્ઠ પ્રદર્શનમાંનું એક ગણાશે. નાના પાટેકર IB ઓફિસર ઈસ્માઈલ ખાન તરીકે પ્રભાવશાળી અને જોરદાર પરફોર્મન્સ આપે છે. રાહુલ દેશપાંડે પોલીસ ઈન્સ્પેક્ટર પઠારે તરીકે પ્રભાવશાળી છે અને તેનો ક્લાસિકલ સિંગિંગ ટ્રેક મનોરંજક છે. રોહિત પાઠક શંકર તરીકે યોગ્ય રીતે ડરામણો લાગે છે. રેશ લાંબા વકીલ અંસારી તરીકે યાદ રહી જાય છે. ફરીદા જલાલ દાદી તરીકે પોતાની છાપ છોડે છે. ચાહત તેજવાની, આર્યન સાવંત, શૌર્ય શાહ અને અન્ય કલાકારોએ સારો સાથ આપ્યો છે. વિશાલ ભારદ્વાજનું નિર્દેશન તેજસ્વી છે અને તેમણે વાર્તાને ખૂબ જ આકર્ષક રીતે રજૂ કરી છે. ગુલઝારના ગીતો અદભૂત છે અને જાની માસ્ટર તેમજ અન્ય દ્વારા ગીતોનું ફિલ્માંકન શાનદાર રીતે કરવામાં આવ્યું છે.

# કોંગ્રેસે ઉત્તર-પૂર્વની ઉપેક્ષા કરી, આસામમાં બળવાખોરીને પ્રોત્સાહન આપ્યું: મોદી

**આસામમાં** ભાજપ કાર્યકરોને સંબોધતા મોદીના આકરા પ્રહારો

ગુવાહાટી, તા. ૧૪ (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કરતાં આરોપ લગાવ્યો હતો કે, તેણે ઉત્તર-પૂર્વની ઉપેક્ષા કરી છે અને તેના શાસન દરમિયાન આસામમાં બળવાખોરીને પ્રોત્સાહન આપ્યું છે. અહીં ભાજપના કાર્યકરો સહિતની એક જાહેર સભાને સંબોધતાં મોદીએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે હંમેશાં રાષ્ટ્રની સુરક્ષાને જોખમમાં મૂકી છે અને આસામમાં તેના કાર્યકાળ દરમિયાન ડર અને અસુરક્ષાનો માહોલ રહ્યો હતો.

વડા પ્રધાને કહ્યું કે, ''કોંગ્રેસે ધ્રુવીકરણ અને વોટ બેંકની રાજનીતિ કરી હતી અને તેને પ્રોત્સાહન મળે તેવા નિર્ણયો લીધા હતા.''

મોદીએ કહ્યું, ''દેશના ભાગલા મુસ્લિમ લીગને કારણે થયા હતા, પરંતુ હવે 'એમએમસી' - માઓવાદી, મુસ્લિમ, કોંગ્રેસ - છે અને લોકોએ જાગૃત રહેવું જોઈએ.'' પીએમએ કોંગ્રેસ પર ઘૂસણખોરોને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ ભાજપ ગેરકાયદે ઈમિગ્રેશનને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે અને તેથી રાજ્ય માટે આગામી પાંચ વર્ષ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે''.

## સારેગમ — અનિલ આનંદ

### જ્યારે પહેરવેશ વિવાદનું હથિયાર બને



ક્યારેક એવો સવાલ થાય કે શું કોઈ કપડાં પહેરવા કે ન પહેરવા જેવી બાબત વિવાદનું કારણ બની શકે? સામાન્ય રીતે, કોઈ વ્યક્તિ પોતાની પસંદગી મુજબ ડ્રેસ પહેરવાનો ઇનકાર કરે તેમાં કોઈ મોટી વાત નથી. પરંતુ, જ્યારે ચૂંટણીનો માહોલ હોય અને વિરોધી પક્ષ નાની વાતમાંથી વિવાદ ઊભો કરવામાં માહેર હોય ત્યારે આ એક મોટો મુદ્દો બની જાય છે. ગણતંત્ર દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત 'એટ હોમ' કાર્યક્રમમાં લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પરંપરાગત ઉત્તર-પૂર્વીય 'પટકા' (ખેસ) ન પહેર્યો તો તેમાં આટલો હોબાળો કેમ? સામાન્ય રીતે હાડ થીજવતી ઠંડીમાં પણ માત્ર ટી-શર્ટમાં ફરતા રાહુલ ગાંધી આ કાર્યક્રમમાં પરંપરાગત ખાદીના કુર્તા-પાયજામામાં આવ્યા હતા. કોંગ્રેસે તેને પ્રસંગને અનુરૂપ પોશાક ગણાવ્યો, પરંતુ ભાજપના સોશિયલ મીડિયા ચીફ અમિત માલવીયાએ તરત જ આ મુદ્દો ઉઠાવ્યો અને તેને ઉત્તર-પૂર્વના અપમાન સાથે જોડી દીધો. આ વિવાદ ટાળી શકાયો હોત, પરંતુ આસામની ચૂંટણી નજીક હોવાથી આવું થવું સ્વાભાવિક હતું.

### વિવાદો વચ્ચે ઉપરાષ્ટ્રપતિ દ્વારા પ્રશંસાનું 'મલમ'



કહેવાય છે કે, 'સમયસર લીધેલું પગલું મોટી મુસીબત ટાળે છે.' તેવી જ રીતે, જ્યારે કોઈ નેતા વિવાદોમાં ઘેરાયેલા હોય ત્યારે કોઈ ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિ દ્વારા મળેલા પ્રશંસાના શબ્દો મોટી રાહત આપે છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અત્યારે લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાઓને કારણે ટીકાઓનો સામનો કરી રહ્યા છે. આવા સમયે ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન દ્વારા તેમના શાસનના વખાણ કરવામાં આવ્યા, જે માઝી સરકાર માટે રાહતના સમાચાર લાવ્યા. કટકમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિની ઉજવણી દરમિયાન ઉપરાષ્ટ્રપતિએ ઓડિશા સરકારની સુશાસન માટે પ્રશંસા કરી અને કહ્યું કે ઓડિશા દેશના અગ્રણી રાજ્યોમાંનું એક બનશે. ઉપરાષ્ટ્રપતિ તરફથી મળેલું આ 'સર્ટિફિકેટ' મુખ્યમંત્રી અને તેમની ટીમ માટે ખૂબ જ આનંદની વાત હતી.

### લોકશાહીના સંમેલનમાં 15 ઈયરફોનની ચોરી!



નવનિર્મિત 'ભારત મંડપમ' હાલમાં તમામ મોટા સરકારી કાર્યક્રમોનું કેન્દ્ર બની ગયું છે અને તેણે જૂના 'વિજ્ઞાન ભવન'ને પાછળ છોડી દીધું છે. જોકે, તાજેતરમાં આ ભવ્ય સ્થળ એક અજીબ કારણસર ચર્ચામાં આવ્યું. ચૂંટણી પંચ દ્વારા આયોજિત 'લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન' પરની એક હાઈ-સિક્યોરિટી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ દરમિયાન ત્યાંથી ૧૫ ઈયરફોન ગાયબ થઈ ગયા. આ વાત જેટલી આશ્ચર્યજનક છે તેટલી જ રમુજી પણ છે. જે સંસ્થા (ચૂંટણી પંચ) દેશમાં મતોની ચોરી અટકાવવાનું કામ કરે છે, તે પોતાના કાર્યક્રમમાં ઈયરફોનની ચોરી ન રોકી શકી. આ એક રમુજી વિરોધાભાસ છે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી ગુમ થયો

ન્યૂયોર્ક, તા. 14 (PTI): અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં 22 વર્ષીય ભારતીય અનુસ્નાતક વિદ્યાર્થી ગુમ થયો છે, જેને શોધવા માટે સત્તાવાળાઓ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. કર્ણાટકનો વતની અને યુસી બર્કલેનો વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયા મંગળવારે ગુમ થયો હતો, તેમ સ્થાનિક મીડિયાએ પોલીસને ટાંકીને જણાવ્યું હતું. 'ધ બર્કલે સ્કેનર' ન્યૂઝ પોર્ટલના અહેવાલ મુજબ, તેનો પાસપોર્ટ અને લેપટોપ ધરાવતી બેગ પાર્ક હિલ્સ વિસ્તારમાં એક ઘરના દરવાજા પાસેથી મળી આવી હતી. સાન ફ્રાન્સિસ્કોમાં સ્થિત ભારતીય કોન્સ્યુલેટે તેના ગુમ થવા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

કોન્સ્યુલેટે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''કર્ણાટક રાજ્યના વતની અને યુસી બર્કલેના ભારતીય અનુસ્નાતક વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયાના ગુમ થવા અંગે અમે અત્યંત ચિંતિત છીએ.''

કોન્સ્યુલેટે વધુમાં ઉમેર્યું હતું કે, ''કોન્સ્યુલેટ પરિવારના સંપર્કમાં છે અને વિદ્યાર્થીને શોધવા માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે પણ સંપર્કમાં છે.''

અહેવાલમાં પોલીસને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, સાકેત છેલ્લે ડ્વાઈટ વેના 1700 બ્લોકમાં જોવા મળ્યો હતો. તેનું વર્ણન કરતાં જણાવાયું છે કે, તેની ઊંચાઈ અંદાજે 6 ફૂટ 1 ઈંચ છે, વજન આશરે 73 કિલોગ્રામ છે, અને તે ટૂંકા કાળા વાળ તથા કથ્થઈ આંખો ધરાવે છે.


